ચોપાઇ- હવે કહું નિરસ્વાદીની રીત, જેણે તજી છે સ્વાદની પ્રીત।
સર્વે સ્વાદ જાણી હરિમાંય, મનવૃત્તિ લોભે નહિ ક્યાંય ॥૧॥
મહારસનું કીધું છે પાન, તેણે થયા મગન મસ્તાન ।
સુખ સ્વપ્રે ન ગમે સંસાર, વિષયરસ સમજ્યા અસાર ॥૨॥
મહારસ પીધો જેહ જને, તે ન ચાખે બીજો રસ મને ।
એ રસ પીધો છે શુકજી આદે, તે તો ન રાચે અન્યને સ્વાદે ॥૩॥
એ રસ પીધો છે સનકાદિકે, પીધો નવ યોગેશ્વર નીકે ।
એ રસ પીધો છે જનક જેવે, જેનું મન ન રહ્યું બીજે પિવે ॥૪॥
એ રસ પીધો છે જન પ્રહ્લાદે, મન માન્યું નહિ બીજે સ્વાદે ।
એ રસ પીધો છે ધ્રુવ અંબરીષે, એ રસ પીધો ગોપી ગુડાકેશે ॥૫॥
એ રસ પીધો જન જયદેવે, એ રસ પીધો છે ઉધ્ધવ જેવે ।
એહ આદિ જે ઋષિરાજન, પીધો મહારસ થયા મગન ॥૬॥
જેજે જને હરિરસ પિધો, તેણે સંસારરસ કુચો કીધો ।
ચૌદ લોકમાં જે રસ રહ્યો, તેતો ઉલટા અન્ન જેવો થયો ॥૭॥
તેનું બીજે તે મન ન માને, જે કોઇ પૂરણ મહારસ પાને ।
એ રસ આજે આપણને મળ્યો, જે કોઇ સર્વે રસથી છે ગળ્યો ॥૮॥
નથી અન્ય રસ એહ સમાન, જેવો આપણે કીધો છે પાન ।
એ રસ વિના રસ જે બીજો, તે તો દુઃખરૂપ માની લેજ્યો ॥૯॥
બીજા રસમાં જેહ લોભાણા, તે તો ઝષ જેમ જાળે બંધાણા ।
ખોયું તન ને ખોટ જ ખાધી, જેની સ્વાદ સાથે પ્રીત બાંધી ॥૧૦॥
ત્યાગી થઇ જે રસને ચાય, તે ત્યાગીનું ત્યાગીપણું જાય ।
ખાંડ ખારવો તુપ તેજાનો, એહ આદિ દઇ સ્વાદ માનો ॥૧૧॥
ખારું ખાટું તીખું તમતમું, ગળ્યું ચિકણું જે મનગમ્યું ।
મનવાંછિત મગાવી ખાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૨॥
શિરો પુરી ને શેવ સુંવાળી, રૂડા મોદક ને રોટી કાળી ।
વિધવિધનાં વ્યંજન ચાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૩॥
ગર્મ નર્મ તે મનને ગમે, સારું સ્વાદુ તે જુગતે જમે ।

એનો ખાતાં અભાવ ન થાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૪॥
સારું લાગે તે રાખે સંતાડી, થઈ ખાવાની વૃત્તિ હરાડી ।
રાત્ય દિવસ રસને ધાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૫॥
કરે સ્વાદની વાત વખાણી, સુણી આવી જાય મુખે પાણી ।
તેને અર્થે કરે છે ઉપાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૬॥
જીહ્વા માગે છે જુજવા રસ, જન થયા છે જીહ્વાને વશ ।
તેણે સ્વાદ કેદિ ન તજાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૭॥
પંચ ઇંદ્રિનું પોષણ સ્વાદ, પંડ્ય પોષતાં વાધે પ્રમાદ ।
પછી પુરુષોત્તમ ન ભજાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૮॥
જેને પંડ્ય પોષવા છે પ્રીત, તે શું સમજે મહારસ રીત ।
દેખી પુષ્ટ તનને ફુલાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૧૯॥
તેતો કાવે નહિ હરિદાસ, જેને અહોનિશ રસની આશ ।
એતો જળજંતુ જેવો ગણાય, તેને ખોટ્ય છે વૈરાગ્યમાંય ॥૨૦॥
જે કોઇ કહેવાય છે હરિજન, તેનું લોભે નહિ કિયાં મન ।
જેણે કર્યું મહારસ પાન, તેણે કરી રહ્યા ગુલતાન ॥૨૧॥
જેના અંતરમાં નિરવેદ, તેને કોણ પમાડશે ખેદ ।
નિત્યે હૈયામાં હરિનું ધ્યાન, તેણે કરી રહ્યા ગુલતાન ॥૨૨॥
જાણી સરવે સાર અસાર, તુચ્છ વસ્તુ કરી તિરસ્કાર ।
રાખ્યા ભિતરમાં ભગવાન, તેણે કરી રહ્યા ગુલતાન ॥૨૩॥
બ્રહ્માઆદિ જે કીટ પર્યંત, સર્વે સુખ દુઃખે અંતવંત ।
જેને પુરુષોત્તમ સાથે તાન, તેણે કરી રહ્યા ગુલતાન ॥૨૪॥
એવા સંત મળે શુભમતિ, કહે જોજ્યો આ જીવની ગતિ ।
રાખ્યા જોઇએ જેહ મુખે રામ, તેમાં રાખે છે વસ્તુ હરામ ॥૨૫॥
જેહ મુખે ભજીયે શ્રીહરિ, તેને બગાડે છે કેફ કરી ।
ગાંજો ભાંગ્ય ને પિવે છે માદ, ખાયે આમિષ જીવ્હાને સ્વાદ ॥૨૬॥
જે મુખે ભજીયે પરબ્રહ્મ, તે મુખમાંય ખાય છે માજમ ।
ખાય કવસ્તુ કેફને કાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૨૭॥

જે મુખ હરિભજવા લાગ્ય, તેહ મુખમાં ભરે છે ભાંગ્ય ।
આપે જરદો તો ન પાડે નાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૨૮॥
જે મુખે જોઈએ નામ પ્રકાશું, તે મુખ હિંગ લસણે વાસ્યું ।
વળી પાપીને પ્યારી પિયાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૨૯॥
જે મુખે હરિગુણ ગવાય, તે મુખે નર અમલ ખાય ।
કાઢે કસુંબા કરે અકાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૩૦॥
જે મુખે હરિ ભજીયે દાડી, તે મુખે પાપી પિવે છે તાડી ।
સર્વે સજે છે નરકનો સાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૩૧॥
કેફે કરીને અકલ જાય, નાસે ડહાપણ ને ડુલ થાય ।
તોય નિર્લજજને નહિ લાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૩૨॥
એહ સર્વે જે વ્યસન કહ્યાં, એક સ્વાદની વૃત્તિમાં રહ્યાં ।
તેનો જે નર ન કરે તાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૩૩॥
સ્વાદમાંહિ રહ્યાં બહુ શૂળ, સ્વાદ છે સર્વે પાપનું મૂળ ।
સ્વાદે થાય નરક સમાજ, એવા નરને રૂઠ્યા છે રાજ ॥૩૪॥
એવા અનેક અવગુણ જોઈ, સંત સ્વાદ કરે નહિ કોઈ ।
જેહ સમે જેવું મળે અન્ન, જમે નિરદોષ જોઈ જન ॥૩૫॥
અજગર મધુકર વૃત્તિ, ગ્રહે સંતજન અનાસક્તિ ।
કાંતો અણઈચ્છ્યું અન્ન આવે, નહિ તો બહુ ઘરથી માગી લાવે ॥૩૬॥
કાચું પાકું જે સુકું સમિષ્ટ, ફળ મૂળ ફુલ પત્ર પિષ્ટ ।
હોય હરિપ્રસાદિનું અન્ન, જમે જન તે થાય મગન ॥૩૭॥
પણ સ્વાદ સારુ જે ઉપાય, ન કરે તે નિઃસ્વાદી કહેવાય ।
આવે સહેજે તે જમે સુજાણ, જેમ તેમ કરી પોષે પ્રાણ ॥૩૮॥
સ્વાદ અસ્વાદની મુકી આશ, ભજે ભગવાન ગ્રાસો ગ્રાસ ।
જેના અંતરમાંહિ વૈરાગ્ય, તેણે કર્યો છે સ્વાદનો ત્યાગ ॥૩૯॥
કાથો ચુનો ને પાન સોપારી, તજ તમાલ એલચી સારી ।
જાય જાવંત્રી લવીંગ જે છે, એહઆદિ મુખવાસ ન ઈચ્છે ॥૪૦॥
ચુવા ચંદન તેલ ફુલેલ, પુષ્પહાર ને સુગંધી તેલ ।

તેને ત્યાગી ન ઈચ્છે તનમાં, જેને વૈરાગ્ય વર્તે છે મનમાં ॥૪૧॥
જે જે ખોળી કહ્યાં ખાન પાન, તજ્યાં તે સંતે થઈ સાવધાન ।
અતિ કર્યો છે ઉંડો અભાવ, કેદિ ભૂલે થાય નહિ ભાવ ॥૪૨॥
કામ લોભ જીત્યા જેમ જને, તેમ જીત્યો છે સંતે સ્વાદને ।
થાય ઉંડો અંતરેથી નાશ, ત્યારે તજાય બારથી આશ ॥૪૩॥
જે જે ત્યાગે છે બારથી બળે, તેને માંહિ સ્વાદ રહે છે છળે ।
લાગ આવે તો કરે છે ઘાત, નહિ તો બેઠો સાંભળે છે વાત ॥૪૪॥
તે તો અંતર ત્યાગથી જાય, બીજે ન ટળે કોટિ ઉપાય ।
ત્યાગ વૈરાગ્ય વિવેક વિચાર, એહ હોય જ્યાં હોય મુરાર ॥૪૫॥
તેહ વિના વૈરાગ્યનો વેષ, તેણે ન ટળે કામાદિ લેશ ।
જ્યારે પ્રભુ સાથે પ્રીત લાગે, ત્યારે કામ લોભ સ્વાદ ભાગે ॥૪૬॥
એમ જીત્યો છે જે જને સ્વાદ, તેના ટળીયા સર્વે પ્રમાદ ।
જીતી સ્વાદ થયા શુધ્ધ આપે, સ્વામી સહજાનંદ પ્રતાપે ॥૪૭॥

પૂર્વછાયો- સહજ સ્વભાવે સંતને, અંતરમાં રહે છે એમ ।
મળ્યે પણ મન ન ચળે, અણ મળ્યું ઈચ્છે કેમ ॥૪૮॥
એમ સંત શિરોમણી, જીત્યા સ્વાદને જેહ ।
પિંડ બ્રહ્માંડ પાર પ્રીતિ, કહું એવા નિરસનેહ ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે નિરસ્વાદિ વ્રતમાન
કહ્યાં એ નામે એકસોને આઠમું પ્રકરણમ્ ॥૧૦૮॥